BUSINESS મિત્ર

અમેરિકાના ટેરિફ મુદ્દે ફરી એકવાર અનિશ્ચિતતાનો માહોલ: ઉપલા સ્તરે નવી લેવાલીનો અભાવ રહ્યો

ટેરિફ રદ થતા બજારમાં તેજી: નિફ્ટી 25,700 પાર

DFC ફર્સ્ટ બેન્કમાં ૩.590 કરોડની છેતરપિંડીથી 16%નો કડાકો, સેન્સેક્સ 480 પોઈન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 23: અમેરિકાની સુપ્રીમ કોર્ટ ગત શુક્રવારે ચૂકાદો આપ્યો હતો કે, ટ્રમ્પ વહીવટી તંત્રે ગત વર્ષે ગેરકાયદેસર રીતે પગલાં લીધા હતા, જ્યારે યુએસ ટ્રમ્પે સપ્તાહના અંતમાં વૈશ્વિક વસુલાત 10 ટકા જાહેર કર્યા બાદ તેના ચોવીસ કલાકમાં જ 15 ટકા કરી દીધા હતા. જેની અસર ભારતીય શેરબજારમાં પોઝિટિવ જોવા મળી હતી, પણ જે અપેક્ષા કરતી હતી, તેની સરખામણીએ આજે ગેપ અપ ઓપનીંગ રહ્યું હતું, પણ અપેક્ષા મુજબ ઉપરના સ્તરે બજારમાં તેજી આગળ વધતી રોકાઇ ગઇ હતી અને તેજીને બ્રેક વાગીને એક સીમિત દાયરામાં બંધ રહ્યું હતું.

ટેરિફ રદ થવાની અસર ભારતીય શેરબજારમાં જોવા મળી હતી. સતત બીજા દિવસે તેમની રેલીને લંબાવી હતી, જેના કારણે નિફ્ટી 25700ની સપાટી કુદાવી દીધી હતી.

આઇડીએફસી ફર્સ્ટ બેન્કે ચંદીગઢમાં તેની એક શાખામાં આશરે 590 કરોડ રૂપિયાના છેતરપિંડી વ્યવહારોની પર્દાફાશ કર્યા બાદ તે 16.30 ટકા ઘટીને રૂ. 69.94ના સ્તરે બંધ રહ્યા હતા. બેન્કે નિયમનકારી ફાઇલીંગમાં જણાવ્યું હતું કે, પ્રારંભિક આંતરિક મુલ્યાંકનના આધારે બેન્કે ચંદીગઢની એક ચોક્કસ શાખામાં કેટલાક કર્મચારીઓ દ્વારા અનધિકૃત અને છેતરપિંડીની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી ઘટના જોવા મળી છે.

બીએસઇ સેન્સેક્સ 479.95 પોઇન્ટ એટલે કે 0.58 ટકા વધીને 83294.66 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેકસ 83486 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 82906 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 141.75 પોઇન્ટ એટલે કે 0.55 ટકા વધીને 25700 પોઇન્ટની સપાટી કુદાવીને 25713 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25771 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25609 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 92.25 પોઇન્ટ એટલે કે 0.15 ટકા વધીને 61264.25 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક 21.64 ગણા, મેડપ્લસ હેલ્થ સર્વિસીસ 12 ગણા, એયુ સ્મોલ ફાઇ. 9.62 ગણા, સન ફાર્મા 7.88 ગણા અને અંજતા ફાર્મા 7.33 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક 31.69 ગણા, યુપીએલ લિ. 12.4 ગણા, બીએલએસ ઇન્ટરનેશનલ 11.91 ગણા, સીસીએલ પ્રોડકટસ 8.17 ગણા અને એજીસ વાપક ટર્માઇનલ્સ 7.03 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.21 ટકા ઘટ્યા હતા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.51 ટકા ઘટ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 1927 શેરોમાં સુધારો જોવાયો હતો, જ્યારે 2385 શેરો ઘટાડો જોવાયો હતો. જ્યારે 206 શેરો યથાવત રહ્યા હતા.

પીએસયુ બેન્ક શેરોમાં સુધારો જોવાયો હતો. નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 1.36 કા વધ્યા હતા, જેમાં ઇન્ડિયન બેન્ક, યુનિયન બેન્ક, કેનેરા બેન્ક, બેન્ક ઓફ ઇન્ડિયા, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, સ્ટેટ બેન્ક, ઇન્ડિયન ઓવરસીઝ બેન્ક, સેન્ટ્રલ બેન્ક અને પીએનબી વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે મોટા ભાગના યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. યુએસ ટ્રેડ ટેરિફની આસપાસની વધુ અનિશ્ચિતતાએ જોખમ વધારી દીધું હતું, જેનાથી રોકાણકારો દૂર રહેવાનું પસંદ કરી રહ્યા છે. જોકે, રોકાણકારોએ યુએસ ટેરિફને ધ્યાનમાં રાખતા એશિયન બજારો મોટા ભાગે ઉંચા સ્તરે બંધ રહ્યા હતા. આજે ચીન અને જાપાનના બજારો બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.12 ટકા, કેક 0.12 ટકા સુધારા સાથે ચાલી રહ્યા હતા, જ્યારે ડેક્સ 0.31 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં સ્ટ્રેઇટસ 0.47 ટકા, હેંગસેંગ 2.40 ટકા, તાઇવાન 0.50, કોસ્પી 0.54 ટકા, અને જકાર્તા 1.48 ટકા સુધરીને બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	479.95	83294.66
નિફ્ટી	141.75	25713.00
બેન્ક નિફ્ટી	92.25	83294.66

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી પોર્ટસ	2.93	1555.80
કોટક મહિન્દ્રા બેન્ક	2.22	430.70
ડો. રેડ્ડીઝ લેબ	2.11	1307.40
HDFC લાઇફ	1.89	742.45
નેસલે ઇન્ડિયા	1.65	1315.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્દાલ્કો	2.08	915.20
ઇન્ફોસીસ	1.90	1327.50
વિપ્રો	1.89	205.89
ટેક મહિન્દ્રા	1.10	1440.90
સીપલા	1.09	1326.50

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી પોર્ટસ	2.90	1556.55
કોટક મહિન્દ્રા બેન્ક	2.22	430.70
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.55	12962.00
પાવરગ્રીડ	1.49	303.35
એક્સીસ બેન્ક	1.34	1386.55

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	1.80	1328.45
ટેક મહિન્દ્રા	1.06	1441.75
ટ્રેન્ટ	0.83	4055.00
એચસીએલ ટેકનો	0.74	1426.35
બજાજ ફિનસર્વ	0.53	2047.00

ડોલરમાં પ્રત્યાઘાતી ઘટાડો

અમેરિકાના ટેરિફ વિવાદથી ઉભી થયેલી અનિશ્ચિતતાના પગલે ડોલરમાં વધઘટે પ્રત્યાઘાતી ઘટાડો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 11 પૈસા સુધરીને 90.88ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.99ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.91, પાઉન્ડ 122.81, કેનેડિયન ડોલર 66.33, ઓસ્ટ્રેલિયન ડોલર 64.52, જાપાનીઝ યેન 0.5867, સીંગાપોર ડોલર 71.55ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.88 રૂ.
યુરો	106.91 રૂ.
પાઉન્ડ	122.81 રૂ.
યેન	0.5867 રૂ.

ગોડફ્રે ફિલિપ્સમાં 11 ટકાથી વધુનો ઘટાડો

મુંબઇ, તા. 23: સરકાર દ્વારા બજેટમાં તમાકુ ઉત્પાદનો પરના વધેલા ટેક્સ બાદ કંપની દ્વારા સિગારેટની કિંમતોમાં વધારો કર્યાની જાહેરાતે વિતેલા સપ્તાહમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. માત્ર ત્રણથી ચાર સેશનમાં જ 31 ટકા જેટલો ઉછળી ગયો હતો, જેમાં આજે નફાવસુલી રહેતા 11 ટકાથી વધુ ઘટયો હતો. ગોડફ્રે ફિલિપ્સ રૂ. 2635 સુધી પહોંચ્યો હતો, જેમાં આજે નફાવસુલીએ 11.37 ટકા ઘટયો હતો. તમાકુ ક્ષેત્રના શેરો સામાન્ય રીતે ખૂબ જ અસ્થિર હોય છે. ગોડફ્રે ફિલિપ્સ પાસે 1.32 નો એક વર્ષનો બીટા છે, જેનો અર્થ છે કે તે બજાર કરતા વધુ ઝડપથી ઉપર અને નીચે જઇ શકે છે. આવી સ્થિતિમાં, જ્યારે બજાર અથવા કોઇ ખાસ ક્ષેત્ર દબાણ હેઠળ આવે છે, ત્યારે હાઇ બીટા શેરોમાં ઘટાડો વધુ દેખાય છે. આ વ્યાપક બજારના વાતાવરણની અસર શેર પર પણ પડી હતી.

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂ.**	૭૫/૩૬ ”	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ”	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/ક્રેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮ ”	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૩૪૦૦
તેજાબી સોનું	૧૬૩૩૯૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૫૨૩૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૬૦૧૩૦
સોનાનાં બિસ્કીટ	૧૬૩૪૦૦૦
ચાંદી (૯૯૯)	૨૭૩૪૦૦
ચાંદી સિક્કા	૨૭૪૯૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૬૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૯૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૯૦૦		

આઇડીએફસી ફર્સ્ટ બેંકમાં છેતરપિંડી અંગે રિઝર્વ બેંક એલર્ટ

IDFC ફર્સ્ટના 4 અધિકારીઓ સસ્પેન્ડ

નવી દિલ્હી, તા. 23: રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ કહ્યું હતું કે બેંકિંગ સિસ્ટમ માટે કોઇ વ્યાપક અથવા પ્રણાલીગત જોખમ નથી. તે જ સમયે, કેન્દ્રીય બેંકે સ્પષ્ટતા કરી હતી કે તે કોઇ વ્યક્તિગત બેંક અથવા નિયમનકારી એન્ટિટી પર કોઇ ટિપ્પણી કરતી નથી.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે આઇડીએફસી ફર્સ્ટ બેંકે તેની ચંદીગઢ શાખામાં 590 કરોડ રૂપિયાની છેતરપિંડી શોધી કાઢી છે. આ છેતરપિંડીના અહેવાલ બાદ આજે શેરબજાર ખુલતા જ આઇડીએફસી ફર્સ્ટ બેન્કના શેરોમાં ભારે વેચવાલી રહી હતી અને 20 ટકાનો કડાકો બોલાયો હતો.

રાષ્ટ્રીય રાજધાનીમાં આરબીઆઇના સેન્ટ્રલ બોર્ડની બેઠક બાદ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધિત કરતા ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું કે કેન્દ્રીય બેંક પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે પરંતુ નાણાકીય સ્થિરતા માટે કોઇ મોટો ખતરો નથી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે આરબીઆઇ બોર્ડ સાથે બેઠક બાદ પ્રેસ બ્રીફિંગ યોજી હતી. ગવર્નરે કહ્યું કે ભારતની બેંકિંગ સિસ્ટમ મજબૂત સ્થિતિમાં છે, જે પર્યાપ્ત મૂડી અને પ્રવાહિતા દ્વારા ટેકો આપે છે. તેમણે કહ્યું કે બેન્કોનો કેપિટલ એડિક્વસી રેશિયો (સીએઆર) હાલમાં 17 ટકાની આસપાસ છે, જે ખૂબ જ મજબૂત સ્તર માનવામાં આવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જો આગામી પાંચ વર્ષમાં નવી મૂડી દાખલ કરવામાં નહીં આવે તો પણ બેંકો તેમની મૂડીની જરૂરિયાતોને પહોંચી વળી શકશે.

દરમિયાન, ગયા અઠવાડિયે સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરતી ફાઇલમાં, બેંકે કહ્યું હતું કે આ મામલો ચંદીગઢ શાખામાં હરિયાણા સરકાર સાથે જોડાયેલા કેટલાક ખાતાઓ સુધી મર્યાદિત છે. બેંકે કહ્યું કે તેણે નિયમનકારોને જાણ કરી છે અને પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી છે. તપાસ બાકી રહેલા ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ ઘટનાક્રમ પછી, સોમવારે પ્રારંભિક વેપારમાં આઇડીએફસી ફર્સ્ટ બેંકના શેરમાં 20 ટકાનો ઘટાડો થયો હતો અને નીચલા સર્કિટમાં પહોંચ્યો હતો. દિવસના કારોબાર દરમિયાન બેન્કિંગ શેરો 20 ટકા ઘટીને રૂ. 66.80 પર બંધ રહ્યો હતો.

AU બેન્કમાં 15% નો કડાકો

ગ્લોબલ બ્રોકરેજ હાઉસ જેફરીઝે નક્કર કારણો સાથે એયુ સ્મોલ ફાઇનાન્સ બેન્ક ખરીદવાની સલાહ આપી

મુંબઇ, તા. 23: આજરોજ બજાર ખુલ્યાની સાથે એયુ સ્મોલ ફાઇનાન્સ બેન્ક લિ.ના શેરમાં 15 ટકાનો કડાકો બોલાઇ ગયો હતો. જે રૂ. 988.75થી ઘટીને રૂ. 950ના સ્તરે પહોંચી ગયો હતો, આ ઘટાડો ત્યારે જોવા મળ્યો હતો કે જ્યારે હરિયાણા સરકાર દ્વારા સરકારી વ્યવસાય માટે એયુ ફાઇનાન્સ બેન્કને એમપેનલ કરવામાં આવી હતી, જેનો મતલબ હરિયાણા સરકારનું કામ બેન્ક દ્વારા નહીં થાય. જેની અસર શેરની કિંમત પર પડી હતી. હાલમાં બેન્કની માર્કેટ કેપ રૂ. 71.26 હજરા કરોડની છે.

આ સ્થિતિમાં ગ્લોબલ બ્રોકરેજ હાઉસ જેફરીઝના અહેવાલમાં રેટિંગ જાળવી રાખ્યું છે અને લક્ષ્યાંક રૂ. 1220નો આપ્યો છે. આમ, હાલના ભાવથી હજુય 28 ટકાનો ઉછાળો જોવા મળી શકે છે.

હરિયાણા સરકારના આ નિર્ણયથી બેન્કને ખાસ ફરક પડશે નહીં. કારણ કે તે કોઇ મોટું આર્થઇક નુકશાન કે છેતરપિંડી નથી. એયુ બેન્કે જણાવ્યું હતું કે, હરિયાણા સરકારના ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરવાથી બેન્કે કોઇ આર્થિક નુકશાન થયું નથી. પ્રાથમિક તપાસમાં બેન્ક તરફથી કોઇ ગેરરીતિ મળી નથી. બેન્કે તમામ નિયમોનું પાલન કર્યું છે. જેથી જેફરીઝનું માનવું છે કે, નાણાકીય સ્થિતિ પર કોઇ મોટી અસર પડશે નહીં.

જેફરીઝે જણાવ્યું હતું કે બેંકે પુષ્ટિ કરી છે કે સરકારી ખાતું અને ગ્રાહક ખાતું બંને ખોલતી વખતે સમગ્ર કેવાયસીનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. બેંકે આંતરિક તપાસ શરૂ કરી છે, કેટલાક કર્મચારીઓને ફરજ પરથી દૂર કર્યા છે અને બોર્ડને જાણ કરી છે. જેફરીઝ કહે છે કે આ બધું બતાવે છે કે બેંકે યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યું હતું.

ભારત સરકાર
આંકડાશાસ્ત્ર અને
કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય

सत्यमेव जयते

DATA FOR DEVELOPMENT

જીડીપી આધાર વર્ષને 2022-23માં અપડેટ કરવું:

● નવા ડેટા સ્ત્રોતોનો સમાવેશ ● વધુ સારી કાર્યપ્રણાલી ● વધુ સારા ડેટા આધારિત નિર્ણય લેવા માટે

જાહેર કરવાની તારીખ: 27 ફેબ્રુઆરી 2026

જ્યારે એનએસઓના સર્વેક્ષકો સર્વેક્ષણ માટે આવે ત્યારે કૃપા કરીને તેમને સહકાર આપો. તમારી ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

CBC 39101/13/0010/2526

mospi.gov.in @GoIStats /goistats GoIStats Ministry of Statistics & PI